# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 01-09-2026 Day: Tuesday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

PM-બિશ્કેક:

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે બિશ્કેકમાં શાંઘાઈ સહકાર સંગઠન - SCO સંમેલન દરમિયાન ઈરાન, કિર્ગિઝ પ્રજાસત્તાક અને આર્મેનિયાના નેતાઓ સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરી.**

**તેમણે પશ્ચિમ એશિયા ક્ષેત્રમાં તાજેતરના ઘટનાક્રમની સમીક્ષા કરી અને બદલાતી પરિસ્થિતિ પર દ્રષ્ટિકોણ રજૂ કર્યા.**

**આજે , કિર્ગિસ્તાનની મુલાકાતના બીજા અને અંતિમ દિવસે, પ્રધાનમંત્રી મોદી બિશ્કેકમાં શાંઘાઈ સહયોગ સંગઠનના 26મા સમિટને સંબોધિત કરશે.**

**------------------------------------------------------------------------------------------------**

PM-GDP:

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નાણાકીય વર્ષ 2026-27 ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતની 7.8 ટકાની અનુકરણીય GDP વૃદ્ધિને મહાન સિદ્ધિ ગણાવી છે. ગત નાણાકીય વર્ષના સમાન સમયગાળામાં આ વૃદ્ધિ દર 6.9 ટકા હતો.**

**દરમિયાન, કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે, આ મજબૂત કામગીરીનો શ્રેય દેશના લોકો અને તેમની મહેનતને જાય છે.**

**------------------------------------------------------------------------------------------------**

## રાષ્ટ્રપતિ-NIFT પદવીદાન :

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું કે કાપડ ક્ષેત્ર માત્ર ભારતના સાંસ્કૃતિક વારસાનો એક મહત્વપૂર્ણ ભાગ નહીં, પરંતુ લાખો લોકોને રોજગાર અને આજીવિકા પણ પૂરી પાડે છે. ફેશન ટેકનોલોજી અંગેની રાષ્ટ્રીય શૈક્ષણિક સંસ્થા **NIFT-** ના પદવીદાન સમારોહને સંબોધતા, રાષ્ટ્રપતિએ વિદ્યાર્થીઓને દેશના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અને મૂલ્યો સાથે જોડાયેલા રહીને વૈશ્વિક દ્રષ્ટિકોણ અપનાવવા વિનંતી કરી.

---

## ગુટખાં પ્રતિબંધ:

રાજ્યમાં તમાકું અને નિકોટિન ધરાવતા ગુટખાં અને પાન મસાલાના ઉત્પાદન, સંગ્રહ, વિતરણ અને વેપાર પર લગાવેલા પ્રતિબંધને આગામી એક વર્ષ સુધી લંબાવાયો છે, જેનો અમલ આગામી **13** સપ્ટેમ્બરથી શરૂ થશે. આ પ્રતિબંધ કોઈ પણ નામે ઓળખાતા તમાકું કે નિકોટિન-યુક્ત ગુટખાં અને પાન મસાલા પર લાગુ પડશે. આ આદેશનો ભંગ કરનારાઓ સામે કાયદેસરની કડક કાર્યવાહી કરાશે, તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

---

## CM-સપ્તધારા સંકલ્પ:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આપેલા સપ્તધારાનો સંકલ્પ સાકાર કરવા ગુજરાત મજબૂતીથી પોતાની ભૂમિકા નિભાવશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો. નવી દિલ્હીમાં ભારત મંડપમ્ ખાતે વાયબ્રન્ટ ગુજરાત વૈશ્વિક સંમેલન **2027**ની પૂર્વભૂમિકા બાંધતા પ્રારંભિક કાર્યક્રમને સંબોધતા શ્રી પટેલે કહ્યું, વાયબ્રન્ટ ગુજરાત સંમેલન સપ્તધારાના દરેક સંકલ્પને નવી ગતિ આપશે. તેમણે આ સંમેલનને વૈશ્વિક રોકાણકારોના ગુજરાત પરના વિશ્વાસના પ્રતિક અને જ્ઞાનની આપ-લે માટેનું મંચ ગણાવ્યું.

---

## વિધાનસભા-ચોમાસુ સત્ર:

**ગુજરાત વિધાનસભાના ત્રિદિવસીય ચોમાસુ સત્રની તારીખોમાં ફેરફાર કરવામાં આવ્યો છે. રાજ્ય પાલના પુર્વ આહવાન મુજબ વિધાનસભાનું સત્ર 8મી સપ્ટેમ્બરના મળવાનું હતુ, પરંતુ હવે રાજ્યપાલ દ્વારા ત્રીજી ઓગષ્ટે જારી કરાયેલ આહવાનને રદ કરીને સોમવારે નવુ આહવાન જારી કરવામાં આવ્યુ છે. નવા સમન્સ અનુસાર હવે વિધાનસભાનું નવમુ સત્ર 9,10 અને 11 સપ્ટેમ્બર એમ કુલ ત્રણ દિવસ મળશે.**

**------------------------------------------------------------------------------------------**

## BPL ધારકોને ખાંડનો જથ્થો:

**રાજ્યમાં તહેવારો દરમિયાન અંત્યોદય અને ગરીબી રેખા નીચે – BPL કાર્ડધારકોને ખાંડનો પૂરતો જથ્થો સરળતાથી મળી રહે તેવું આયોજન કરાયું. અન્ન અને નાગરિક પૂરવઠા મંત્રી રમણ સોલંકીએ કહ્યું, જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ વાજબી ભાવના દુકાનદારો માટે સપ્ટેમ્બર મહિનાના ખાંડ સહિતની અન્ય જણસીઓના ચલણ ભરવાની છેલ્લી તારીખ ત્રણ સપ્ટેમ્બર કરવામાં આવી છે.**

**------------------------------------------------------------------------------------------**

## ખેલ મહાકુંભ-2026 :

**સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ ખેલ મહાકુંભનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. ૨૯ ઓગષ્ટ એટલે કે રાષ્ટ્રીય રમત દિવસથી ગુજરાતના ફ્લેગશિપ રમતોત્સવ ખેલ મહાકુંભ-૨૦૨૬ માટે રજિસ્ટ્રેશનનો પ્રારંભ કરવામાં આવ્યો છે.**

**ખેલ મહાકુંભ અંતર્ગત શાળા-ગ્રામ્યકક્ષા, તાલુકા/ઝોનકક્ષા, જીલ્લા-મહાનગરપાલિકા કક્ષા, ઝોનકક્ષા અને રાજ્યકક્ષાની વિવિધ સ્પર્ધાઓઓ યોજાશે. ખેલ મહાકુંભ-૨૦૨૬ માટે ૨૨ સપ્ટેમ્બર-૨૦૨૬ સુધી khelmahakumbh.gujarat.gov.in વેબસાઈટ પરથી રજિસ્ટ્રેશન કરી શકાશે. કચ્છ જીલ્લા તથા ગાંધીધામ મહાનગરપાલિકા વિસ્તારના વધુમાં વધુ ખેલાડીઓ આ રમતોત્સવમાં ભાગ લે તેવી અપીલ કરવામાં આવે છે.**

**------------------------------------------------------------------------------------------**

## ગાંધીધામ ખાતે વન મહોત્સવ :

**ગાંધીધામના કીડાણા ગામ ખાતે વન વિભાગ દ્વારા કરવામાં આવેલ અર્બન ફોરેસ્ટ વાવેતર માં સામાજિક વનીકરણ રેન્જ-અંજાર દ્વારા ૭૭ માં મહાનગરપાલિકા કક્ષાના વન મહોત્સવની ભવ્ય ઉજવણી કાર્યક્રમ યોજવામાં આવેલ હતો.**

**આ પ્રસંગે સાંસદ વિનોદ ચાવડાએ જણાવ્યું હતું કે, આ મહાનગરપાલિકા કક્ષાના વન મહોત્સવ ના આયોજન થી નાગરિકોમાં પર્યાવરણ ક્ષેત્રે વિશેષ જાગૃતિ આવશે તેમજ આ કેમ્પસમાં વન વિભાગ દ્વારા ૧૮૫૦૦ જેટલા વૃક્ષો નું વાવેતર કરેલ છે.**

---

## હવામાન :

**રાજ્યમાં વરસાદનું જોર ઘટવાની વચ્ચે આગામી સાત દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. વરસાદ ખેંચતી રેખાની પ્રણાલી સક્રિય થતા વરસાદ થઈ શકે છે તેવુ હવામાન વિભાગ અમદાવાદના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું.**

---